# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-04-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રીશ્રી મોદી-બેઠક:

પહેલગામ આતંકવાદી હુમલાના પગલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં સેનાના વડા અનિલ ચૌહાણ અને ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ પણ હાજર રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------

## કોંગ્રેસ અધ્યક્ષ-મલ્લિકાર્જુન ખડગે:

કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પહેલગામમાં થયેલા ક્રૂર આતંકવાદી હુમલા બાદ રાષ્ટ્રના સામૂહિક સંકલ્પ દર્શાવવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાની હાકલ કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં, શ્રી ખડગેએ જણાવ્યું કે, જ્યારે દેશમાં એકતા ખૂબ જ જરૂરી છે, ત્યારે 22 એપ્રિલ 2025 ના રોજ નિર્દોષ નાગરિકો પર થયેલા હુમલા સામે એકજૂથતા દર્શાવવા માટે વહેલી તકે સત્ર બોલાવવું મહત્વપૂર્ણ છે.

-----------------------------------------------------------------------------------

## કેન્દ્રીય લઘુમતી મંત્રી-હજ યાત્રા માટે શુભેચ્છા:

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ પવિત્ર હજ યાત્રા પર જઈ રહેલા તમામ એક લાખ ૨૨ હજાર ૫૧૮ યાત્રાળુઓને શુભકામનાઓ પાઠવી અને તેમની સલામત, સમૃદ્ધ અને સુખદ યાત્રા માટે પ્રાર્થના કરી હતી. પહેલી ફ્લાઇટ લખનૌથી ૨૮૮ અને

હૈદરાબાદથી ૨૬૨ યાત્રાળુઓ સાથે રવાના થઈ હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે સરકાર હજ યાત્રાને સરળ અને સુગમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

---------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી- ભુપેન્દ્ર પટેલ- જખૌ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જળ સંચય માટે "કેચ ધ રેઇન" અને ગ્રીનકવર માટે 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી થવા નાગરિકોને આહ્વાન કર્યું છે. જખૌના ઓધવધામ ખાતે ત્રિ-દિવસીય સુવર્ણ મહોત્સવમાં શ્રી પટેલે જણાવ્યું કે, ગુરુશ્રી ઓધવરામજીએ સમાજમાં કુરિવાજો સામે ચેતના જગાવી સામાજિક સમરસતાનો સંદેશો આપ્યો છે. તેમણે જણાવ્યું, કચ્છમાં એક પેડ મા કે નામનો સંકલ્પ ચરિતાર્થ થાય છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે 101 નીરણ કેન્દ્રના આરંભ સાથે 42 કન્યાઓનું કન્યાદાન કરાયું હતું. કાર્યક્રમમાં મહાજનની અંદાજે 10 હજાર મહિલાઓ પોતાના ભાતીગળ પોશાક `પુતારો' પહેરીને ઓધવ મહારાસમાં રાસ રમી હતી.

---------------------------------------------------------------------------------------

## પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે વર્કશોપ-પ્રસાર ભારતી :

વેવ ઓ.ટી.ટી પ્લેટફોર્મ અંગે યુવાનોને માહિતગાર કરવા પ્રસાર ભારતી દ્વારા દૂરદર્શન અમદાવાદ ખાતે પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે વર્કશોપ યોજાઇ ગયો, જેમાં અમદાવાદનાં ગુજરાત વિદ્યાપીઠ, ગુજરાત યુનિવર્સિટી, પી.ડી.ઇ.યુ, એલ જે કોલેજ અને ભવન્સ કોલેજના અંદાજિત 40 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીને સંબોધન કરતાં, આકાશવાણી અમદાવાદ અને ભુજના સમાચાર વિભાગના વડા ડૉ. ચિરાગ ભોરણીયાએ જણાવ્યું કે, આકાશવાણી અને દૂરદર્શનના સમૃદ્ધ વારસાને લોકો સમક્ષ લાવવા પ્રસાર ભારતીએ શરૂ કરાયેલો વેવ ઓ ટી ટી પ્લેટફોર્મ પારિવારિક મનોરંજન માટે એક નવું માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે.

તેમણે જણાવ્યું કે, આ પ્લેટફોર્મ પર દેશની 26 ભાષાઓમાં વિવિધ શ્રેણીમાં કાર્યક્રમો ઉપલબ્ધ છે જેમાં ફિલ્મ, સંગીત, ડોક્યુમેન્ટરી રેડિયો જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------------

## ભુજ-મુંબઈ વિમાની સેવા:

ભુજ મુંબઈ વચ્ચે વધુ એક વિમાની સેવા શરુ થશે. આગામી ૧૦મી મે થી ભુજ મુંબઈ એર ઈન્ડિયાની નવી ફ્લાઈટ શરુ કરશે.

આ ફ્લાઈટ મુંબઈ થી બપોરે ૧૨ વાગીને ૧૦ મીનીટે ઉપડશે. જે ૧ વાગીને ૧૫ મીનીટે ભુજ પહોંચી આવશે. જ્યારે ભુજ થી ૨ વાગીને ૫ મીનીટે ઉપડનારી ફ્લાઇટ ૩ ને ૪૦ મીનીટે મુંબઈ પહોંચશે.

---

## આજે અક્ષય તૃતીયા પર્વ:

આજે અક્ષય તૃતીયા અખાત્રીજ નું પર્વ શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવાઈ રહ્યું છે. આજનું પર્વ મંગલ કાર્યો માટે શુભ મનાય છે. સોના ચાંદીની આજે ખરીદી કરવામાં આવે છે. આજે કચ્છમાં પાટીદાર સમાજ અને અન્ય સમાજમાં સમૂહ લગ્ન યોજાય છે. કચ્છમાં ખાસ કરી નખત્રાણા તાલુકાનાં ગામોમાં સમૂહ લગ્ન યોજાય છે. જેમાં કચ્છ બહારથી સમાજનાં લોકો વતનમાં આવે છે. છેલ્લા બે દિવસ થી ગ્રામ્ય વિસ્તારમાં લગ્નોત્સવ નો અનેરો માહોલ જોવા મળે છે.

---

## કચ્છ-હિટવેવ:

કચ્છ સહીત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આગામી બે દિવસ હિટવેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પહેલી મે સુધી મહતમ તાપમાન 40 થી 44 ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે.

---